ગાંધીનગર સમાચાર
તા. ૧૫-૪-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### સામસામા આબરૂના ધજાગરા

ચૂંટણી સમરાંગણમાં નરેન્દ્ર મોદીને સેનાપતિ તરીકે સ્થાપી દીધા પછી પણ ભારતીય જનતા પાર્ટીમાં બધું સમુસૂતરું છે, એવા ભ્રમમાં રાચવા જેવું નથી. ખુદ મોદી પણ આ બાબત સમજે છે પણ અત્યારે બાંધી મૂઠીનો ભ્રમ જળવાઈ રહે એ માટે મોટેરાં રહ્યા છે. એક તરફ વિપક્ષે બેઠેલો ભાજપ જાણે સત્તાનું કેન્દ્ર બની રહ્યો છે અને હાલના સત્તાધારીઓ એની સામે સાગમટે ભેગા થઈ પગ નીચેથી સરકી જઈ રહેલી ધરતી પકડી રાખવા મથી રહ્યા છે. વિશ્વભરમાં નમૂનારૂપ ગણાયેલા મહાન અર્થશાસ્ત્રી વડાપ્રધાન મનમોહનસિંહને અત્યાર સુધીના સૌથી નબળા વડાપ્રધાન ગણાવતા રહેલા એનડીએના વડા લાલકૃષ્ણ અડવાણીના અભિપ્રાયને તાજેતરમાં પ્રકાશિત થયેલા સંજય બારૂના પુસ્તક 'એક્સિડેન્ટલ પ્રાઈમ મિનિસ્ટર'થી મજબૂત સમર્થન સાંપડ્યું છે અને કૌલસા કૌભાંડ વિશે પીસી પારખનું આવનારૂં પુસ્તક વડાપ્રધાનની ફજેતી કરી શકે એમ છે ત્યારે બીજી તરફ ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવારના પ્રગતિ માર્ગમાં ખુદ એમની જ ગુજરાત પોસીસના પૂર્વ એડિશનલ ડીજીપી રાજન પ્રિયદર્શીના મારફાડ પુસ્તકે બાવળનાં કાટાં પાથરી દીધા છે. સંજય બારૂ વડાપ્રધાનના સલાહકાર તરીકે નિયુક્ત થયા હતા અને પછી મતભેદ સરજાતાં એમને રૂખસદ અપાઈ હતી. એમને એક કાંકરે બે પક્ષી પાડવાનો પ્રયાસ કર્યો છે. મનમોહનને બિચારા-બાપડા અને કહ્યાગરા વડાપ્રધાન તરીકે રજૂ કરી એમનું સોનિયા ગાંધી આગળ કશું જ ઊપજતું નહોતું અને એમની પાસે આવતાં પહેલાં ફાઈલો સોનિયાને બતાવવામાં આવતી હોવાનો રહસ્યસ્ફોટ કરાયો છે. દેખીતી રીતે જ આ પુસ્તક ભાજપની વ્યૂહરચનાના ભાગરૂપે પ્રકાશિત થયું હોવાના આક્ષેપો થવાના છે. ગુજરાતીમાં રાજન પ્રિયદર્શી દ્વારા લખાયેલ પુસ્તક 'પ્રજાદ્રોહી કુપ્રચારક નેતા'માં મોદીના કડવા વાસ્તવનો ખુલ્લો ચિતાર રજૂ કરાયેલ છે. મનમોહનસિંહ તો એમની લો પ્રોફાઈલ ઈમેજ મુજબ સંજય બારૂના પુસ્તકમાં છપાયેલી બાબતો સત્યથી વેગળી હોવાનું કહી કામે લાગી ગયા છે. એમનો અનુગોધરા ઘટનાક્રમ સંદર્ભે તત્કાલીન વડાપ્રધાન અટલબિહારી વાજપેયી સાથેનો પત્રવ્યવહાર સાર્વજનિક કરવાની ગર્ભિત ચીમકીના સૂચિતાર્થ સમજી શકાય એમ છે. આ પત્રવ્યવહાર ગોપનીય છે પરંતુ એ ખુલ્લો થાય એવી માગણી કરાવાઈ છે. વડાપ્રધાનના કાર્યાલયે એ પત્રવ્યવહાર જાહેરમાં મૂકવા માટે અંગત રીતે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની અને ગુજરાત સરકારની પરવાનગી માગી છે! મોદી કે ગુજરાત સરકાર આવી પરવાનગી નહીં આપે ત્યારે શંકા વધુ બળવત્તર બનશે. વિદ્રોહી નેતા જસવંતસિંહે વાજપેયી મોદીને કાઢવા માગતા હતા એ વાત જાહેર કરી છે ત્યારે આ પત્રવ્યવહાર ખુલ્લો થાય તો મોદી વિશેનો વરિષ્ઠ નેતા અને ભાજપના ભીષ્મ પિતામહનો અભિપ્રાય ખળભળાટ મચાવી શકે એમ છે. મનમોહનસિંહની આબરૂના લીરા ઉડાડવાના ભાજપના (મોદી પ્રેરિત) પ્રયાસોનો એ જડબેસલાક જવાબ હશે. હમણાં હમણાં લાલકૃષ્ણ અડવાણીને અનિચ્છાએ થૂંકેલું ચાટતા હોય એમ નરેન્દ્ર મોદીની પ્રશસ્તિ કરવી પડે છે. ગરજ તે આનું નામ. પરંતુ અંદરથી તેઓ મોદીના કેટલા શુભેચ્છક છે એની ગુજરાતને અને મોદીને પૂરેપુરી ખબર છે. 'અબકી બાર મોદી સરકાર' જેવા સૂત્રમાં પણ તેઓ અને પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથસિંહ સુધારો કરાવવા માગતા હતા. 'હર હર મોદી'ની વિરૂદ્ધ દ્વારકાપીઠના શંકરાચાર્યે લીધેલો એવો જ વાંધો આ સૂત્ર સામે ભાજપના તમામ સિનિયર નેતાઓના મનમાં ઘોળાતો રહ્યો હોવા છતાં મોદીએ નમતું આપ્યું નથી. 'અબકી બાર ભાજપા સરકાર' કે 'કમલ સરકાર' જેવા સુધારા એમણે માન્ય કર્યા નથી. છેલ્લે મુરલી મનોહર જોષીનો બળાપો બહાર આવ્યો છે. એમને કહ્યું કે દેશમાં મોદીનું નહીં પણ ભાજપનું મોજું ચાલી રહ્યું છે. રાજનાથ મોદીના સંભવિત મંત્રીમંડળમાં પ્રધાનપદું સ્વીકારવાના નથી, તેઓ પક્ષ પ્રમુખ તરીકે જ ચાલુ રહેવાનું પસંદ કરશે. 'મિશન ૨૭૨+' નિષ્ફળ જશે તો એ સંઘની સંમતિથી નીતિશ-મમતા-માયાવતી જેવાંનો ટેકો લઈ એનડીએની સરકાર બનાવવાનો પ્રયાસ કરશે. મોદી એમના આ ઘરના દુશ્મનોને વીણી વીણીને સાફ કરવાની પ્રતિજ્ઞા લઈ ચૂક્યા હશે પણ હાલ પૂરતું તો એમનું ધ્યાન '૨૭૨+' વાળું મિશન પાર પાડવામાં જ છે. રાજનાથથી લઈ અડવાણી, સુષમા અને જેટલી સુધીના તમામ સિનિયરો એમનું આ મિશન પાર ન પડે એ માટેનાં કારસ્તાન કરી રહ્યા હોય તો પણ નવાઈ નહીં! મુરલી મનોહર જોષીએ એમનો અસંતોષ છૂપો રાખ્યો નથી. વારાણસીની બેઠક છોડવી પડી છે એનો રંજ એ ભૂલ્યા નથી. મોદીનું ગુજરાત મોડલ દેશ આખામાં લાગુ પાડી શકાય એમ છે જ નહીં; એવું જાહેરમાં કહીને એમને મોદીની હવા કાઢી નાખી છે.

## આત્મન્ ફાઉન્ડેશન દ્વારા ૨૫મીથી ત્રિદિવસીય બાળ અભિવ્યકિત શિબિર

ગાંધીનગર, તા.૧૪


પ્રતિ વર્ષ આત્મન્ ફાઉન્ડેશન દ્વારા વેકેશનના સમયમાં બાળકો મનગમતી પ્રવૃત્તઓ સાથે જ્ઞાન-ગમ્મત મેળવી શકે તે હેતુથી તદ્દન ખુલ્લા નૈસર્ગિક વાતાવરણમાં બાળ શિબિરનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે વેકેશનના સમયમાં આગામી તા. ૨૫, ૨૬, ૨૭ એપ્રિલ ૨૦૧૪ (શુક્ર, શનિ, રવિ)ના રોજ ત્રિદિવસીય બાળ અભિવ્યકિત શિબિર યોજાનાર છે. શિબિરનો સમય સવારના ૯.૩૦ થી ૬.૧૫ રહેશે. ધોરણ ૧ થી ૯નાં વિદ્યાર્થી બાળકો આ શિબિરમાં ભાગ લઈ શકશે. આ શિબરમાં બાળકોને જ્ઞાન સાથે ગમ્મત આપતી બ્રિધિંગ એકસરસાઈઝ, બાળગીત-સંગીત, ચિત્રકામ-ક્રાફ્ટ, નાટક-અભિનય, નૃત્ય, રમતગમત, વિજ્ઞાનના જાદુના પ્રયોગો, વાર્તા વગેરે જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે. શિબિરનું સ્થળ શ્રી જવાહરલાલ નહેરુ સરકારી વનૌષધિ ઉદ્યાન, સરકીટ હાઉસ પાછળ, સે-૧૯ બસ સ્ટેન્ડ પાસે, ગાંધીનગર રહેશે.

શિબિરમાં ભાગ લેવા માંગતા બાળકો-વાલીએ નીચેના સરનામેથી ફોર્મ મેળવી તા. ૨૨-૪-૧૪ સુધીમાં ભરવાના રહેશે. બાળકો વેકેશનનો સમય પોતાની ગમતી પ્રવૃત્તિઓમાં હળવાશ સાથે વિવિધ પ્રવૃત્તઓથી, સહજીવનના પાઠ શીખીને માણી શકે તે હેતુથી આ શિબિર યોજવામાં આવી છે.

ફોર્મ મેળવવાના સ્થળ નીચે મુજબ છે.

(૧) સુધાબેન શુકલ, ૯/૪૯, પરિમલ એપાર્ટમેન્ટ, સે-૭ મો. ૯૮૭૯૨ ૭૯૫૨૯
(૨) તુષાર દવે, પ્લોટ ૨૪૨/૨, સે-૩-એ ન્યુ. મો. ૯૨૭૫૧ ૫૩૮૦૪
(૩) દર્શનાબેન વ્યાસ, પ્લોટ ૭૨૨/૨, પંચશીલ પાર્ક, સે-૨૧ (ફોન-૨૩૨૨૫૭૯૮)
(૪) સંજય થોરાત, પ્લોટ ૬૩૫/૨, મંગલમૂર્તિ પાસે, સે-૮-બી, ૯૯૨૪૦ ૫૭૦૪૯
(૫) વિક્રમ જાની, પ્લોટ ૪૭૨/૨, સે-૪-બી, ખ રોડ ૯૭૨૭૭ ૨૦૬૮૬
(૬) જયશ્રી ખેતિયા, પ્લોટ ૮૫૦, સોમેશ્વર સોસાયટી, સે-૨૭ ૯૩૭૪૮ ૦૫૯૪૮
(૭) સી.એલ. મહેતા, ૨૬૪/૪, રોહન પેલેસ, પીંકી ફેશન પાછળ, સે-૨૯ (ફોન-૨૩૨૨૭૯૮૬)

આ શિબિરમાં કોઈ પણ શાળાના ધો-૧ થી ૯નાં બાળકો ભાગ લઈ શકશે. વધુ વિગતો ફોર્મમાં આપેલી છે તેમ સંસ્થાના પ્રમુખ-મંત્રીશ્રીએ જણાવ્યું છે.



લોકસભાની ચૂંટણીમાં પક્ષો દ્વારા એડીચોટીનું જોર લગાવવામાં આવી રહ્યું છે. આજરોજ નેશનલ યુથ પાર્ટી દ્વારા સમગ્ર શહેરમાં જન સંપર્ક કરવામાં આવ્યો હતો. જેમાં ઉમેદવાર પિયુષ પટેલને વિજયી બનાવવા મતદારોને અપિલ કરવામાં આવી હતી. રેલીમાં પાર્ટીના એક હજારથી વધુ કાર્યકરો બાઈક, કાર અને ટ્રેક્ટરો લઈ જોડાયા હતા. (તસવીર : દિલીપ પ્રજાપતિ)

## ઉત્તરવહીઓ ગુમ થવાના કેસમાં તટસ્થ તપાસ કરો

અમદાવાદ, તા.૧૪

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં જ ધોરણ-૧૨ની કોમર્સની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં સંસ્કૃત વિષયની ઉત્તરવહીઓ ગુમ થયાનું બહાર આવ્યું છે ત્યારે વિદ્યાર્થી સંગઠનોએ ગંભીર પ્રકારના આ બનાવમાં તટસ્થ તપાસ કરી જવાબદારો સામે પગલા લેવાની માંગણી કરતું એક આવેદનપત્ર પાઠવ્યું છે. વિદ્યાર્થી સંગઠને શિક્ષણમંત્રીને પાઠવેલા એક આવેદનપત્રમાં એવી રજુઆત કરી છે કે, બોર્ડ દ્વારા તાજેતરમાં જ ધોરણ-૧૨ની કોમર્સની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં સંસ્કૃત વિષયની ઉત્તરવહીઓ ગુમ થવાનું બહાર આવ્યું છે જે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની બેદરકારીનો એક અદભૂત નમુનો છે.

## વિદ્યાર્થીઓની કારકિર્દીની સાથે ચેડા કરનારા વિરૂદ્ધ કુણું વલણ

અમદાવાદ, તા.૧૪

હાલોલના જરોદ રોડ પાસે ધોરણ-૧૨ કોમર્સની સંસ્કૃતની ૩૯ ઉત્તરવહીઓ રસ્તે રઝળતી મળવા તેમજ વિદ્યાર્થીઓની કારકિર્દી સાથે ચેડા કરવાનો પ્રયાસ કરનાર બોર્ડ અને પોલીસના સ્ટાફ સામે બોર્ડ કેમ એફઆઈઆર દાખલ કરતી નથી. તે પ્રશ્ન વિદ્યાર્થીઓ અને શિક્ષણવિદોને સતાવી રહ્યો છે. બોર્ડે તો ઉત્તરવહીઓ લઈ જનાર અને ફરજમાં નિષ્કાળજી રાખનાર બોર્ડ અને પોલીસના કર્મચારી સામે તાત્કાલીક એફઆઈઆર દાખલ કરીને પોલીસને તપાસ સોંપવી જોઈતી હતી એમ રાજ્યભરના વિદ્યાર્થી-વાલીઓ તેમજ શિક્ષણવિદો માની રહ્યા છે. ત્યારે શિક્ષણ બોર્ડ દ્વારા એક પણ વ્યક્તિ સામે એફઆઈઆર દાખલ ન થતા સમગ્ર મામલે કુંડળીમાં ગોળ ભગાઈ રહ્યો હોવાની ચર્ચાએ વેગ પકડ્યો છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ બોર્ડની પરીક્ષાની ધોરણ-૧૨ સંસ્કૃતની ઉત્તરવહીઓ રસ્તે રઝળતી મળી આવ્યાની ઘટનાને આજે ૧૦ દિવસ કરતા વધુનો સમય થઈ રહ્યો છે. પરંતુ હજુ સુધી આ સમગ્ર મામલે શિક્ષણ બોર્ડ દ્વારા એક પણ જવાબદાર કર્મચારી સામે પોલીસ ફરીયાદ દાખલ ન કરતા બોર્ડની નિયમ સામે અનેક તર્ક વિતર્ક શરૂ થયા છે. બીજી બાજુ આ મામલે ઉત્તરવહીઓ કોની છે. તેને લઈને અનેક વ્યક્તિઓની ચિંતા યથાવત છે. એમાંય સંસ્કૃત વિષયની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ તો રસ્તે રઝળતી મળેલી ઉત્તરવહીઓ પોતાની તો નથી ને? તેને લઈને ભારે ચિંતિત થઈ ગયા હતા. ૩૯ ઉત્તરવહીઓની મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્ર ખાતે હાથ ધરાયેલી પ્રાથમિક તપાસમાં ખ્યાલ આવ્યો કે સંસ્કૃત વિષયના કુલ ૮૩ ઉત્તરવહીઓના થેલા પૈકી ૩ ઉત્તરવહીઓના થેલા સાથે ચંડા થયા છે અને વધુ ૩૩ ઉત્તરવહીઓ ગુમ હોવાનું બહાર આવ્યું છે. આમ ૭૨ ઉત્તરવહીઓ પ્રત્યે લાપરવાહી દાખવીને રાજ્યના હજારો વિદ્યાર્થી-વાલીઓના જીવ પડીકે બાંધનાર તેમજ કારકિર્દી સાથે ચેડા કરનારા બોર્ડના પટાવાળા સહિત ફરજમાં નિષ્કાળજી દાખવનારા ત્રણ પોલીસ કર્મચારીઓ સામે તાત્કાલીક અસરથી એફઆઈઆપ દાખલ કરવી જોઈએ તેની નિષ્કાળજી તપાસ કરાવવી જોઈતી હતી. પરંતુ આટલી મોટી ગંભીરતા ભૂલ-નિષ્કાળજીના કેસમાં બોર્ડ હજુ માત્ર બોર્ડના પટાવાળા અને પોલીસ કર્મચારીઓના ઉડાઉ જવાબથી સંતોષ માનીને બેસી ગઈ છે. બોર્ડની આ પ્રકારની ઢીલી નીતીના લીધે જ રાજ્યના વિદ્યાર્થી-વાલીઓમાં ભારે આક્રોશ છવાઈ ગયો છે.

## હરિની દૃષ્ટિ...




તેરા ઇમોશનલ અત્યાચાર...!!

## ટહુકાની ચેહરધામ અડાલજ ખાતે માતાજીની જાતર યોજાશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર-સરખેજ હાઈવે અડાલજમાં આવેલ ટહુકાની ચેહર અડાલજધામ ખાતે ચૈત્ર સુદ પૂનમની રાત્રે તા. ૧૫ એપ્રિલ મંગળવારે માતાજીને ફૂલ ચઢાવવામાં આવશે અને ચેહરમાતાજીની જાતર કરવામાં આવશે.

જિલ્લાના અડાલજમાં એસ.જી. હાઈવે પરના સુપ્રસિદ્ધ ટહુકાની ચેહરધામ ખાતે માતાજીની વાઈબ્રન્ટ જાતર યોજાશે. જાતરમાં તા. ૧૫ એપ્રિલના રોજ માતાજીનો નવચંડી યજ્ઞ સવારે ૮.૦૦ વાગે, આનંદનો મેળો સાંજે ૫.૦૦ વાગે ત્યારબાદ માતાજીની પ્રસાદી લેવામાં આવશે અને રાત્રે ૯.૦૦ વાગે માતાજીની જાતર યોજાશે.

ટહુકાની ચેહર માતાજીની જાતરના તા. ૧૬ એપ્રિલ બુધવાર પ્રભાતે પિયાલા પીવામાં આવશે. આ પ્રસંગે ભાવિભક્તોને દર્શનનો લાભ લેવા માતાજીના ભુવાજી સતીષભાઈએ જણાવ્યું છે.

## નાની દશકોશી વણકર સમાજે ડૉ. બાબાસાહેબને શ્રદ્ધાંજલિ અર્પી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર વિધાનસભાની સામેની ડૉ. બાબાસાહેબની પ્રતિમાને શ્રી નાની દશકોશી અઢાર ગામ વણકર સમાજ, ગાંધીનગર દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

શહેરની અનેક સંસ્થાઓ દ્વારા ડૉ. બાબા સાહેબની ૧૨૩મી જન્મ જયંતિની ઉજવણી કરી હતી. ગાંધીનગરના સેકટર-૭ ખાતે રચનાત્મક અને સંગઠીત પ્રવૃત્તિઓ માટે કટીબદ્ધ એવી શ્રી નાની દશકોશી અઢારગામ વણકર સમાજ દ્વારા ચ-૪ ખાતેની બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

આ પ્રસંગે સમાજના હોદેદારોએ રેલી કાઢી હતી. જેમાં ડી.એમ. પરમાર, શિરીષ મકવાણા, દિનેશકુમાર, પંકજ કાપડિયા, મહેશ ગોહિલ, પરેશ સોલંકી સહિતના હોદેદારોએ બાબા સાહેબની પ્રતિમાને ફુલહાર પહેરાવી શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

## સિદ્ધાર્થ લૉ કોલેજ અને જિલ્લા દલિત સેનાએ ડૉ. બાબાસાહેબને શ્રદ્ધાંજલિ અર્પી

ગાંધીનગર, તા. ૧૪

સિદ્ધાર્થ લો-કોલેજ અને ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા ડો. બાબાસાહેબની ૧૨૩મી જન્મ જયંતિ નિમિત્તે પુષ્પાંજલિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ગાંધીનગર સેકટર-૧૬માં આવેલી સિદ્ધાર્થ લો-કોલેજ ખાતે ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફૂલહાર કરવામાં આવ્યો હતો. તેમજ ડો. આંબેડકરના જીવન ચારિત્ર્ય પર ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રિન્સિપાલ, પ્રોફેસરો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને માણ્યો હતો.

ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા જન્મજયંતિ નિમિત્તે ઘ-૪ સર્કલથી ચ-૪ સર્કલ સુધી ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. યાત્રામાં જોડાયેલા યુવાનો દ્વારા 'જબ તક સુરજ ચાંદ રહેગા, બાબા તેરા નામ રહેગા., અને જયભીલના નાદ સાથે સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા દલિતસેનાના આગેવાનો બાબુભાઈ મેસરવાલ, રેવનદાસ સાધુ, મોહન બાલુકર, રમણભાઈ પરમાર, દાનાભાઈ મિસ્ત્રી, મગન વાઘેલા, મોહન બાલુવાકર સહિત મોટી સંખ્યામાં યુવાનો અને મહિલાઓ જોડાઈ હતી અને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

## કોચ તરીકે કારકિર્દી બનાવવા યુવાનો નિરૂત્સાહ

રમતગમત ક્ષેત્રે ગુજરાત શા માટે પાછળ છે? તેની ચર્ચા દરમિયાન આપણે યુવાનો કોચ તરીકેની કારકિર્દી બનાવવા માટે ઉત્સાહિત નથી તે બાબતે આપણે ચર્ચા કરી. રાજયમાં કોચની શું પરિસ્થિતિ છે તે બાબતે હજુ વિગતે ચર્ચા કરવા માંગુ છું. આપને જાણીને નવાઇ લાગશે કે, ગુજરાતની ટીમના કોચને રાજય સરકાર માનદ વેતન પેટે રૂા. ૩૦ ચૂકવે છે.

શું કોચની કામગીરી એક મજૂર કરતાં પણ ઉતરતી કક્ષાની છે? આટલા ઓછા વેતનમાં કોઇ મજૂર પણ ન મળે તો રાજય સરકારને કોચ કયાંથી મળે. મોટા ભાગના કોચ આ કામગીરી કરવાનું ટાળતા હોય છે તો કેટલાક રમતને વરેલા કોચ કે જેઓ માટે રમત જ સર્વસ્વ છે. તેઓ આટલા ઓછા વેતને પણ કામગીરી કરે છે. તો ૧૧ માસના કરાર આધારીત કોચને તો જે કામગીરી સરકાર સોંપે તે કરવી પડતી હોય છે.

આપણે રમતગમત ક્ષેત્રે હજુ સુધી જોઇએ તેટલો વિકાસ સાધી શક્યા નથી અથવા તો નબળા પુરવાર થઇએ છીએ, આ માટેનું મહત્ત્વનું કારણ રાજયમાં કોચ માટે કંઇ ખાસ વિચારવામાં આવેલ નથી. કોચનું વેતન જ આટલું ઓછું છે ત્યારે કોચ માટે પ્રોત્સાહક યોજના કે કોચ માટે એવોર્ડ કયાંથી હોય? કોચની છેલ્લી કાયમી ભરતી ૧૯૯૧-૯૨ બાદ રાજય સરકાર દ્વારા કરવામાં આવેલી નથી. કોચની ૧૧ માસની કરાર આધારીત ભરતી પણ થાય છે તેમ છતાં હજુ આજે પણ રાજય સરકાર પાસે ઘણી રમતોના કોચ નથી.

જો કે રાજય સરકાર દ્વારા રમતવીરો વધુ ને વધુ રસ દાખવે તે માટે છેલ્લા ત્રણ વર્ષથી ખેલ મહાકુંભનું આયોજન કરે છે, તો ખેલ મહાકુંભ સિવાય પણ જૂથ, તાલુકા, જિલ્લા અને રાજયકક્ષાની વિવિધ રમતોની શાળાકીય સ્પર્ધાઓનું આયોજન પણ કરવામાં આવે છે. તેમજ આ શાળાકીય સ્પર્ધાઓમાં જિલ્લા કક્ષાની સ્પર્ધામાંથી પસંદગી પામેલા રમતવીરો રાજય કક્ષાએ ભાગ લે છે. તો રાજય કક્ષાની સ્પર્ધામાંથી રમતવીરોની પસંદગી કરી રાજય સરકાર દ્વારા રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે મોકલવામાં આવે છે. જયાં આ રમતવીરો રાષ્ટ્રીય કક્ષાની શાળાકીય સ્પર્ધાઓમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરે છે. રાષ્ટ્રીય કક્ષાની શાળાકીય કક્ષાની શાળાકીય સ્પર્ધા માટે પસંદગી પામેલા રમતવીરોને રાજય સરકાર રમતનો ગણવેશ, પ્રિનેશનલ કોચીંગ કેમ્પમાં તાલીમ અને રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવાનો ખર્ચ પણ ચૂકવે છે. તેમજ આ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીઓ રમતમાં વધારે મહારથ હાંસલ કરે તે માટે રાજય સરકાર દ્વારા ઉનાળું વેકેશન દરમિયાન ઘનિષ્ઠ પ્રશિક્ષણ શિબિરનું આયોજન પણ કરવામાં આવે છે.

### ગુજરાતી ટીમના કોચનું માનદ વેતન રૂપિયા ત્રીસ

આપને એમ લાગતું હશે કે કોચના માનદ વેતનમાંથી આ સરકારની યોજનાની માહિતી આપવાના અવળા પાટે કયાં ચડી ગયો. પરંતુ આપને આ વિગતો એટલા માટે જણાવવી જરૂરી હતી કે રાજયની આ કામગીરીમાં મહત્ત્વની ભૂમિકા કોચ ભજવે છે. જે રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેનાર ખેલાડીને સ્પર્ધામાં ભાગ લેવા જતા અગાઉ પ્રિનેશનલ કોચીંગ કેમ્પમાં તાલીમ આપે છે.

ગુજરાતની ટીમના કોચની કામગીરી બજાવનાર આ કોચ રાષ્ટ્રીય કક્ષાએ મેડલ મેળવવા માટે ખેલાડીઓને તૈયાર કરે છે ત્યારે રાજય સરકારને આ કોચને માનદ વેતન પેટે રૂા. ૩૦ ચુકવવા જરા પણ ખચકાટ થતો નથી. અન્ય રાજયોમાં કોચનું માનદ વેતન પ્રતિદિન રૂા. ૧૦૦૦થી રૂા. ૧૫૦૦ કે તેથી પણ વધારે હોય છે ત્યારે જો વેતનમાં આવડો મોટો તફાવત હોય તો મેડલમાં રહેલો તફાવત તો કંઇ ન કહેવાય. અત્રે એ નોંધવું જરૂરી છે કે આટલા ઓછા વેતન છતાં આ કોચીઝે સારી કામગીરી બજાવી છે અને તેના કારણે જ ૨૦૧૩-૧૪ ના વર્ષમાં શાળાકીય સ્પર્ધાઓમાં ગુજરાતના મેડલનો આંકડો ૧૯૦ પાર કરી ગયો છે ત્યારે આટલી સારી કામગીરી કરનાર કોચના માનદ વેતન માટે સરકારના ઉચ્ચ હોદ્દા પર બેઠેલા અધિકારીઓ ફાઇલ આગળ ધપાવે તેવી આશા રાખીએ.

રાજય સરકાર કોચને જે માનદ વેતન ચૂકવે છે. તે વેતનમાં તો કોઇ મજૂર પણ નથી મળતા. આજના મોંઘવારીના સમયમાં મજૂરી માટેનું વેતન પણ મજૂરો દ્વારા રૂા. ૨૦૦ થી રૂા. ૫૦૦ લેવામાં આવે છે ત્યારે કોચના વેતન રાજય સરકાર દ્વારા શા માટે વિચારવામાં આવતું નથી? અથવા તો કયારે વિચારવામાં આવશે? કે પછી વિચારવામાં આવશે કે કેમ? હાલમાં તો આ બધાં યક્ષ પ્રશ્નો છે. જો કે કેટલાય કોચ સાથે ચર્ચા કરતાં તેઓએ જણાવ્યું કે રમતવીરોના હિત માટે થઇને તેઓ આટલા ઓછા વેતન પર પણ કામગીરી કરે છે અને કેટલાક તો આ વેતન લેતા પણ નથી.

કોચનું માનદ વેતન રૂા. ૩૦ હોવા છતાં ગુજરાત સરકારને કયારેક કોચ ન મળ્યા હોય તેવું બન્યું નથી કે પછી કોચ દ્વારા આટલા ઓછા વેતન પર કામગીરી નહીં કરવામાં આવે તેવો વિરોધ પણ કાયરેય નોંધાયો નથી. તો શું રાજય સરકાર આ બાબતે કોઇ વિરોધ ઉભો થાય ત્યારે જ વિચારશે? જો કોચ રમતવીરોના ભવિષ્યને ધ્યાને લઇ ઓછા વેતન પર કામગીરી કરતા હોય તો સરકારે પણ રમતના વિકાસ અને રમતવીરોને ધ્યાને લઇ એક ડગલું આગળ વધવું જોઇએ. ખેલ મહાકુંભમાં ઓફિશ્યલને મળતા વેતન અને ગુજરાતની ટીમનાં કોચના વેતનમાં પણ મોટો તફાવત જોવા મળે છે.

અહીં એ પણ નોંધવું રહ્યું છે, ઓછું વેતન મળતું હોવાના કારણે પણ યુવાનો કોચ તરીકેની કારકિર્દી બનાવવામાં ઉત્સાહ દાખવતા નથી. રમત અને રમતવીરોના હિતમાં રાજય સરકાર ગુજરાતની ટીમના કોચ તરીકે સેવા આપનાર આ કોચના માનદ વેતન માટે વિચારે અને યોગ્ય વેતન ચૂકવે અને કોચ માટે નોકરીની તકો ઊભી કરે તો આ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માટે પણ વધુ યુવાનો આગળ વધશે અને ગુજરાતને વધુ સારા કોચ અને રમતવીરો મળશે તો ચોક્કસ રાજયના મેડલોમાં પણ વધારો થશે.

*- ભરતજી ઠાકોર*

**કોચનું માનદ વેતન રૂા. ૩૦ હોવા છતાં ગુજરાત સરકારને કયારેક કોચ ન મળ્યા હોય તેવું બન્યું નથી કે પછી કોચ દ્વારા આટલા ઓછા વેતન પર કામગીરી નહીં કરવામાં આવે તેવો વિરોધ પણ કાયરેય નોંધાયો નથી**